# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-12-2025** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RAJYAPAL DETHALI VILLAGE VISIT

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડાના દેથલી ગામમાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીની મુલાકાત લીધી. દરમિયાન તેમણે દૂધ ઉત્પાદકો સાથે સંવાદ પણ કર્યો. ગામના દૂધ ઉત્પાદકો "ગામનો નિર્ધાર , સહકારથી સાકાર " અભિયાન હેઠળ પ્રતિદિવસ દૂધમંડળીઓમાં રાખેલા આશીર્વાદપાત્રમાં સ્વેચ્છાએ દૂધનું દાન કરે છે.

આ દૂધ આંગણવાડીઓના કુપોષિત બાળકોને અપાય છે. રાજ્યપાલશ્રીએ આ અભિયાનની પ્રશંસા કરતાં તેના અમલીકરણની પણ નોંધ લીધી. સાથે જ તેમણે પશુઓ માટે સૅક્સ સૉર્ટેડ સિમેનનો લાભ લેવા પશુપાલકોને સલાહ આપી.

. . . . . . . .

# COLLEGE UNI COUNSELLOR

વિદ્યાર્થીઓ દ્વારા થતા આપઘાતની ઘટનાઓને ધ્યાને રાખી સરકારના શિક્ષણ વિભાગે મહાવિદ્યાલય અને વિશ્વ-વિદ્યાલયો માટે દિશા-નિર્દેશ જાહેર કર્યા છે. હવે રાજ્યમાં તમામ વિશ્વ-વિદ્યાલય અને મહાવિદ્યાલયમાં માનસિક સ્વાસ્થ્ય નીતિ લાગુ કરવાની રહેશે. તેમજ વિદ્યાર્થીઓના કાઉન્સેલીંગ એટલે કે , તેમને સલાહ આપવા પણ સૂચના અપાઈ છે. તમામ વિશ્વ-વિદ્યાલય અને મહાવિદ્યાલયમાં પ્રતિ 100 વિદ્યાર્થી એક કાઉન્સૅલર એટલે કે, સલાહકાર રાખવા પડશે.

. . . . . . . . . . . . .

# GNR ANNUAL INSPECTION

ગાંધીનગરમાં રૅન્જ I.G. વિરેન્દ્રસિંહ યાદવની ઉપસ્થિતિમાં જિલ્લા પોલીસનું વાર્ષિક ઇન્સ્પેક્શન એટલે કે, નિરીક્ષણ કરાયું. આ પ્રસંગે યોજાયેલી વાર્ષિક પરેડમાં પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. રૅન્જ I.G.-એ પણ પરેડનું નિરીક્ષણ કરી સલામી આપી હતી. દરમિયાન પોલીસ કર્મચારીઓએ દળ કવાયત, હથિયાર કવાયત , રાઈફલ અભ્યાસ , લાઠી કવાયત , યોગાસન, દળ બદલી , દ્રષ્ટિસંબંધિત વિવિધ કાર્યક્રમ રજૂ કર્યા. આ અંગે રૅન્જ I.G. વિરેન્દ્રસિંહ યાદવે વધુ માહિતી આપી.

(BYTE: VIRENDRASINH YADAV, RANGE IG)

. . . . . . . .

# GNR THIRTY FIRST CHECKING

રાજ્યના વિવિધ જિલ્લામાં આગામી 31 ડિસેમ્બરની ઉજવણીને લઈ પોલીસ સઘન તપાસ કરી રહી છે. ગાંધીનગરમાં પોલીસ દ્વારા રેન્જ વિસ્તારમાં પેટ્રોલીંગ એટલે કે, પહેરો અને સઘન તપાસ વધારી છે. ગેરકાયદે પ્રવૃત્તિ કરનારા લોકો પર કેસ કરવામાં આવી રહ્યા છે. આ સાથે જ ચાર જિલ્લામાં 31 ડિસેમ્બરની ઉજવણીના આયોજન સ્થળની માહિતી લેવામાં આવી. આ ઉપરાંત ફાર્મ હાઉસ સહિત અનેક જગ્યા પર થનારી ઉજવણી દરમિયાન પોલીસ ખાનગી પહેરવેશમાં જોવા મળશે, તેમજ રેન્જ IG વિરેન્દ્રસ સિંહ યાદવે જણાવ્યું.

બીજી તરફ, તાપી જિલ્લા પોલીસે નવાપુર , ઉચ્છલ, નિઝર સરહદ સહિતના વિસ્તારમાં તપાસ વધારી છે. ગુજરાત અને મહારાષ્ટ્ર સરહદ પરથી પસાર થતા તમામ વાહનની તપાસ કરવામાં આવી રહી છે.

. . . . . . . .

# DIU PRAVASI

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં 31 ડિસેમ્બરની ઉજવણીને ધ્યાને રાખી મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવી રહ્યા છે. નાગવા બીચ હાલમાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વિવિધ હૉટેલ્સમાં પણ પ્રવાસીઓને આકર્ષવા અનેક પ્રકારની તૈયારી કરવામાં આવી છે. દીવ આવેલાં પ્રવાસી પૂજા શર્માએ પોતાનો અનુભવ જણાવ્યો.

**(BYTE: POOJA SHARMA, VISITOR)**

. . . . . . . . . .

# MEHSANA TENNIS CHAMPION

મહેસાણાનાં ટૅનિસ ખેલાડી વૈદેહી ચૌધરીએ મહારાષ્ટ્રમાં રમાયેલી ટૅનિસ ટૂર્નામૅન્ટ 2025માં સિંગલ્સ શ્રેણીમાં વિજેતાં બન્યાં છે. વિસનગર તાલુકાના ખંડોસણ ગામનાં વતની વૈદેહી ચૌધરીએ જાપાનનાં મીચિકા ઓઝેકી સામેની મેચમાં બે સેટમાં 6-3 અને 6-4થી વિજય મેળવ્યો હતો. રશિયાનાં માર્યા કલ્યાકીનાને 3-6, 6-2 અને 7-5થી હરાવી તેઓ ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યાં હતાં.

. . . . .

# MEHSANA NANDASAN

મહેસાણા જિલ્લાના કડીના નંદાસણ ગામને કેન્દ્ર સરકારના પંચાયત મંત્રાલય દ્વારા વિશેષ વિકાસ યોજના માટે પસંદગી કરાઈ છે. રાજ્યમાંથી બે ગામની પસંદગી કરાઈ છે , જેમાં આણંદના તારાપુર અને મહેસાણાના નંદાસણની પસંદગી કરાઈ છે. ગામને આગામી વર્ષોમાં આધુનિક સુવિધાઓથી સજ્જ કરી મોડેલ વિલેજ તરીકે વિકસાવાશે.

. . . . . . . .

# GANDHIDHAM ST BUS STATION

કચ્છના ગાંધીધામ ખાતે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રી ત્રિકમ છાંગાએ એસ. ટી બસમથકનું ખાતમુહૂર્ત અને માતાના મઢ બસ મથકનું ઈ-ખાતમુહૂર્ત કર્યું. આ પ્રસંગે તેમણે રાજ્ય સરકાર કચ્છના છેવાડાના માનવી સુધી શ્રેષ્ઠ પરિવહન સેવા પહોંચાડવા કટિબદ્ધ હોવાનું જણાવ્યું. તેમણે કહ્યું, નવા બસમથક મુસાફરો માટે સુવિધાનું કેન્દ્ર બનશે.

આ પ્રસંગે વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિકાસના વધુ એક આયામ માટે લોકોને શુભેચ્છાઓ પાઠવી. સાથે જ તેમણે બસમથકનું કામ ઝડપથી પૂર્ણ કરી તેને કાર્યરત્ કરવાની ખાતરી આપી.

. . .